પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬૯ | ૨૦ મે, ૨૦૧૯, સોમવાર; વૈશાખ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# અંતિમ તબક્કામાં ૬૦ ટકાથી વધુ મતદાન

## હિંસાની અનેક ઘટના : મોદી સહિત ૯૧૮ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા : ૨૩મીએ મતગણતરી



નવી દિલ્હી,તા. ૧૮

છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહેલી લોકસભાની ચૂંટણીની પ્રક્રિયા આજે સાતમાં તબક્કાના મતદાનની સાથે જ પૂર્ણ થઈ હતી. હવે ૨૩મી મેના દિવસે સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગે ફેંસલો થશે. ૧૭મી લોકસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થયા બાદ શરૂ થઈ હતી. ૧૦મી માર્ચના દિવસે લોકસભા ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ આ લાંબી પ્રક્રિયા શરૂ થઈ હતી. કુલ સાત તબક્કામાં મતદાન યોજાયું છે. આજે સાતમાં અને અંતિમ તબક્કામાં બંગાળ અને પંજાબમાં હિંસાના છુટા છવાયા બનાવો વચ્ચે ૬૦થી ૬૫ ટકા વચ્ચે મતદાન થયું હતું. ચંદીગઢ અને સાત રાજ્યોને આવરી લેતી લોકસભાની ૫૯ સીટ માટે આજે ૬૦થી ૬૫ ટકા વચ્ચે મતદાન થયું હતું. અંતિમ તબક્કામાં ૧૦.૦૨ કરોડ મતદારો હતા જે પૈકી ૬૦થી ૬૫ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ૯૧૮ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ૧૧૨૯૮૬ મતદાન મથકો ઉપર મતદાનની પ્રક્રિયા યોજાઈ હતી. સાતમાં અને અંતિમ તબક્કામાં શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. અંતિમ તબક્કામાં મતદાન દરમિયાન અગાઉના તબક્કાની જેમ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે પંચે તમામ તૈયારી કરી લીધી હતી. સાતમા તબક્કાની ચૂંટણીમાં ૧૬૩ ઉમેદવાર રાષ્ટ્રીય રાજકીય પક્ષોના હતા જેમના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ૬૯ ઉમેદવારો રાજ્ય સ્તરના પક્ષોના છે. આ તમામ ઉમેદવારના ભાવિ પણ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આ તબક્કામાં ૩૭૨ ઉમેદવારો નોંધાયેલા બિન માન્યતાપ્રાપ્ત પક્ષોના હતા તેમના પણ ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં રહેલા ૩૧૫ ઉમેદવારના ભાવિ પણ સીલ થઈ ગયા હતા. છેલ્લા તબક્કાની ચૂંટણીમાં શિરોમણી અકાળી દળના સુખબીર સિંહ બાદલની સંપત્તિ ૨૧૭ કરોડની નોંધાઈ હતી. આવી જ રીતે પંજાબના ભટિન્ડા બેઠક પરથી ઉમેદવાર હરસિમરતકૌરની સંપત્તિ પણ ૨૧૭ કરોડની નોંધાઈ હતી. અંતિમ તબક્કામાં સૌથી અમીર ઉમેદવારોની વાત કરવામાં આવે તો અપક્ષ ઉમેદવાર બિહારના પાટલીપુત્રના રમેશ કુમાર શર્માની સંપત્તિ ૧૧૦૭ કરોડ નોંધાઈ હતી. ૧૨મી મેના દિવસે ૫૯ સીટ પર મતદાન થયા બાદ લોકસભાની કુલ ૫૪૨ સીટ પૈકી ૪૮૩ સીટ પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી. આજે અંતિમ તબક્કાના મતદાન સાથે તમામ બેઠકો પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી.

## બંગાળમાં હિંસાના મામલે ચૂંટણી પંચ દ્વારા અહેવાલ મંગાવાયો

### મતદાન બાદ તૃણમુલ નરસંહાર કરાવી શકે છે : મતદાન થયા બાદ પરિણામો તરફેણમાં નહીં આવવાની સ્થિતિમાં ટીએમસી હિંસા ઉપર ઉતરી શકે : કેન્દ્રીય દળો તૈનાત રાખવા સીતારામનની રજૂઆત



નવીદિલ્હી, તા. ૧૯

લોકસભાની ચૂંટણીના સાતમાં અને અંતિમ તબક્કામાં મતદાન વેળા પણ બંગાળમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. આને લઈને ચૂંટણી પંચે નોંધ લીધી છે અને અહેવાલની માંગ કરી છે. ડાયમંડ હાર્બર લોકસભા સીટથી ભાજપના ઉમેદવાર નિલંજન રોયની કાર ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. છેલ્લા છ તબક્કાની જેમ જ આ તબક્કામાં પણ બંગાળમાં ટીએમસી અને ભાજપના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. જાધવપુર અને બસીરહાટમાં ભાજપે ટીએમસી ઉપર મતદાનને લઈને આક્ષેપ કર્યા હતા. બીજી બાજુ કેન્દ્રીયમંત્રી નિર્મલા સીતારામને આજે ભારપૂર્વક કહ્યું હતું કે, પરિણામો પોતાની

તરફેણમાં ન રહેવાની સ્થિતિમાં બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી નરસંહાર કરાવી શકે છે. તેમણે કહ્યું હતું કે, બંગાળના મુખ્યમંત્રી શરૂઆતથી ધાકધમકી આપતા રહ્યા છે જેથી અમને ડર છે કે, આજે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ટીએમસી દ્વારા નરસંહાર કરવામાં આવી શકે છે જેથી ચૂંટણી પંચે આચારસંહિતા અમલી રહે ત્યાં સુધી કેન્દ્રીય સુરક્ષા દળોને સંબંધિત વિસ્તારોમાં રાખવા જોઈએ. લોકસભા ચૂંટણીમાં સાતમાં અને અંતિમ

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ-પવાર સાથે સતત બીજા દિવસેય નાયડુની વિસ્તૃત ચર્ચા

### ચૂંટણી પરિણામ પહેલા વ્યૂહરચના ઉપર ચર્ચા કરાઈ : નાયડુની સીતારામ યેચુરી સાથે પણ વિવિધ મુદ્દે મંત્રણા

નવીદિલ્હી, તા. ૧૯

લોકસભાની ચૂંટણીના અંતિમ તબક્કાના મતદાનના દિવસે પણ વિરોધ પક્ષો દ્વારા વ્યૂહરચના પર વાતચીતનો દોર જારી રહ્યો હતો. આજે બીજા દિવસે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને એનસીપીના વડા શરદ પવાર સાથે વાતચીત કરી હતી. સતત બીજા દિવસે વાતચીતનો સિલસિલો જારી રહ્યો હતો. ડાબેરીઓના નેતા સીતારામ યેચુરી સાથે પણ વાતચીત કરવામાં આવી હતી. એટલું જ નહીં આજે સાંજે યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીને પણ મળીને વાતચીત કરી હતી. આ પહેલા શનિવારના દિવસે નાયડુએ રાહુલ ગાંધી, શરદ પવાર, સપાના અધ્યક્ષ અખિલેશ યાદવ, બસપના વડા માયાવતી સાથે વાતચીત કરી હતી. ચંદ્રબાબુ નાયડુ વાતચીત

● અનુસંધાન પાન-૭ પર

## પ્રજ્ઞા ઠાકુરને પાર્ટીથી બહાર કરવા નીતિશકુમારનું સૂચન

### સાધ્વી મામલામાં નીતિશની સ્પષ્ટ પ્રતિક્રિયા : નાથુરામ ગોડસે અંગે નિવેદન કરીને સાધ્વી પ્રજ્ઞા ફસાયા




પટણા, તા. ૧૯

મધ્યપ્રદેશના ભોપાલમાંથી ભાજપના ઉમેદવાર સાધ્વી પ્રજ્ઞા દ્વારા નાથુરામ ગોડસેના સંદર્ભમાં કરવામાં આવેલા નિવેદનથી દેશભરમાં હોબાળો મચેલો છે. આને લઈને જુદીજુદી પ્રતિક્રિયાઓ આવી રહી છે. ભાજપે હવે આને લઈને ખુલાસા કરવાની શરૂઆત પણ કરી છે. સાધ્વી પ્રજ્ઞાના નિવેદનથી નાખુશ થયેલા ભાજપના સાથી પક્ષ જેડીયુના નેતા અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. નીતિશકુમારે કહ્યું છે કે, સાધ્વી પ્રજ્ઞાના આવા નિવેદન બદલ તેમને પાર્ટીમાંથી બહાર કરવા પર વિચારણા કરવી જોઈએ. પટણામાં મતદાન કર્યા બાદ બૂથથી બહાર નિકળતી વેલા નીતિશકુમારે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું

● અનુસંધાન પાન-૭ પર

# એક્ઝિટ પોલ : ફીર એક બાર, મોદી સરકાર

### મોટાભાગના સર્વેમાં સરળતાથી મોદી સરકારની વાપસીના સંકેત : ઉત્તરપ્રદેશમાં મહાગઠબંધન ભાજપને કોઇ નોંધપાત્ર ફટકો આપવામાં નિષ્ફળ રહેતા તેવા એંધાણો : બંગાળમાં મમતાને ફટકો : ગુજરાતમાં આંશિક નુકસાન

નવીદિલ્હી, તા. ૧૯

લોકસભાની ચૂંટણીના સાતમાં અને અંતિમ તબક્કાના મતદાન બાદ આજે એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા હતા. મોટાભાગના એક્ઝિટ પોલમાં ભાજપ માટે સારા સમાચાર આવ્યા હતા. તમામ એક્ઝિટ પોલમાં ફરી એકવાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર બનવાના સંકેત મળી રહ્યા છે. ટાઈમ્સનાઉ-વીએમઆર, સી-વોટર અને જનકી બાતના એક્ઝિટ પોલ મુજબ ફરી એકવાર ભાજપ કેન્દ્રમાં સરકાર બનાવશે. ટાઈમ્સનાઉ અને વીએમઆરના એક્ઝિટ પોલમાં જણાવવામાં આવ્યું છે કે, એનડીએ શાનદારરીતે સત્તામાં વાપસી કરશે. મોદી લહેરની સામે શાસન વિરોધી પરિબળની કોઈ અસર દેખાઈ નથી. વિરોધ પક્ષો સરકારને હચમચાવી મુકવામાં નિષ્ફળ રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં મહાગઠબંધન પણ અપેક્ષા મુજબ ટક્કર આપવામાં નિષ્ફળ છે. અલબત્ત આ ગઠબંધનનો દેખાવ સારો રહ્યો છે. વિપક્ષોના તમામ આક્ષેપો છતાં પ્રજાએ મોદી સરકાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ટાઈમ્સ નાઉના એક્ઝિટ પોલ મુજબ એનડીએને ૫૪૨માંથી ૩૦૬ સીટો મળી શકે છે જે બહુમતિના ૨૭૨ના આંકડા કરતા ખુબ વધારે છે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએને ૧૩૨ સીટો મળી રહી છે. સી વોટર પણ એનડીએને બહુમતિ મળી રહી છે. આમા સાથે મેળ ખાસે તો મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સરળતાથી બનશે. ઈન્ડિયા ટુડે-

### કઈ ચેનલના એક્ઝિટ પોલ શું કહે છે

| તમામ ચેનલ | એનડીએ | યુપીએ | અન્ય |
|---|---|---|---|
| ટાઈમ્સનાઉ-વીએમઆર | ૩૦૬ | ૧૩૨ | ૧૦૪ |
| રિપબ્લિક-સીવોટર | ૨૮૭ | ૧૨૮ | ૧૨૭ |
| રિપબ્લિક-જનકી બાત | ૩૦૫ | ૧૨૪ | ૧૧૩ |
| ન્યુઝનેશન | ૨૮૬ | ૧૨૨ | ૧૩૪ |
| મહાએક્ઝિટ પોલ | ૨૯૬ | ૧૨૭ | ૧૧૯ |
| આજતક એક્સિસ માય ઈન્ડિયા | ૩૩૯-૩૬૫ | ૭૭-૧૦૮ | ૬૯-૯૫ |
| એબીપી-સીએસડીએસ | ૨૭૭ | ૧૩૦ | ૧૩૫ |

યુપીએને મોટો ફટકો પડી ગયો છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ કોઈ ફાયદો થઈ રહ્યો નથી. રાજસ્થાન, મધ્યપ્રદેશમાં હાલમાં જોરદાર દેખાવ કરનાર કોંગ્રેસ પાર્ટી લોકસભા ચૂંટણીમાં કોઈ અસર છોડી શકી નથી. ટાઈમ્સનાઉ-વીએમઆરના એક્ઝિટ પોલમાં જણાવવામાં આવ્યું છે કે, ગઠબંધનને ૨૮૭ સીટો મળી શકે છે. યુપીએને ૧૨૮ સીટો મળી શકે છે. જનકી બાતમાં પણ કહેવામાં આવ્યું છે કે, એનડીએને ૩૦૫, યુપીએને ૧૨૪ સીટો મળી શકે છે. ૨૩મી મેના દિવસે એક્ઝિટ પોલના પરિણામ જો પરિણામ માયએક્સિસ તેમજ એબીપી-નેલ્સનમાં પણ એનડીએને સૌથી વધારે સીટો મળવાનો અંદાજ દર્શાવવામાં આવ્યો છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને ૪૩.૩ ટકા મત મળ્યા હતા પરંતુ આ વખતે તેની હિસ્સેદારી વધી

● અનુસંધાન પાન-૭ પર

### એક્ઝિટ પોલ અને ચૂંટણી રિઝલ્ટ બજારની દિશા નક્કી કરે તેવી વકી

મુંબઈ, તા. ૧૯

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં જુદા જુદા પરિબળોની સીધી અસર જોવા મળી શકે છે. જે પૈકી સૌથી વધારે અસર એક્ઝિટ પોલના તારણ અને ચૂંટણી પરિણામોથી થનાર છે. આ ઉપરાંત પણ અન્ય અનેક પરિબળો બજારની દિશા નક્કી કરી શકે છે. કેટલીક મહત્વપૂર્ણ કંપનીઓના નાણાંકીય પરિણામ પણ જારી કરવામાં આવનાર છે જેની અસર જોવા મળી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, સંબંધિત ઘટનાક્રમથી બજારમાં ઉતારચઢાવની સ્થિતિ રહી શકે છે. એક્ઝિટ પોલના તારણો આજે જારી કરવામાં આવ્યા હતા જેની સીધી અસર હવે આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સત્રમાં જોવા મળી શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે, ચૂંટણી પરિણામ ન આવે ત્યાં સુધી શેરબજારમાં અસમંજસની સ્થિતિ રહી શકે છે.


VISA APPROVED CANADA હાર્દિક અભિનંદન
Mehsana
JAIMIN RAJGOR
36 Backlogs હોવા છતાં CANADA ના Student Visa અપાવવા બદલ હું BGKV તથા R K Academy નો ખૂબ આભાર માનું છું.
IELTS English for International Opportunity
STUDENT VISA
BAPU GUJARAT KNOWLEDGE VILLAGE
R K ACADEMY OF EXCELLENCE PVT. LTD.
બાપુ ગુજરાત નોલેજ વિલેજ, ગાંધીનગર- માણસા રોડ, વાસણ, ગાંધીનગર- 382650
Call: 72 708 72 708

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

છેલ્લા ૧૬ વર્ષથી માત્ર કોમર્સ કોલેજના ટ્યુશન કરાવતો ગાંધીનગરનો એકમાત્ર ક્લાસ
ધ્યાન કોમર્સ ગ્રુપ ટ્યુશન
C.C.T.V. A.C. Classes SMS System Weekly Test
Branch : Sec.6/B, Sec.22 F.Y.B.Com to M.Com (Eng. & Guj. Med.)
ધોરણ-૧૨ (કોમર્સ) પછી ?
Online Admissionની સંપૂર્ણ માહિતી અને સમજ
કઈ શાખામાં પ્રવેશ મેળવવો ?
કયું માધ્યમ પસંદ કરવું ?
કઈ કોલેજ પસંદ કરવી ?
ઉપરના તમામ પ્રશ્નોના સમાધાન તથા કારકિર્દીના માર્ગદર્શન માટે એકવાર રૂબરૂ મુલાકાત લો.
Registration Open for F.Y.B.Com(Sem-1)
Darshan Sir : 98793 92409
Commerce Means Dhyan Commerce
Dhyan Sir : 99249 89589

FS Future Solutions Group
Perfect solutions for all your needs
AUTOMATION AIR-CONDITIONING POWER BACKUP
Authorized Channel Partners & System Integrators Control4 B. Berker by hager
Authorised Dealer DAIKIN
Authorised Premium Dealer EATON UPS
CORPORATE OFFICE Hani House, Shyamal Cross Roads, Satellite, Ahmedbad. +91 79 26746605 / 06, +91 99789 69242
DAIKIN SOLUTION PLAZA Jyoti Plaza, Shyamal Cross Roads, Satellite, Ahmedbad. +91 79 26746605 / 06, +91 99789 69242
GANDHINAGAR SHOWROOM 5/GF, Ugati Corporate Park, Opp. Pratik Mall, Nr.HDFC Bank, Kudasan. 079 2360 0789
futuresoluindia@gmail.com | www.futuresoluindia.com